# સંપાદકની કલમે

આ બ્રહ્માંડ અને પ્રકૃતિનું નિર્માણ પરમતત્વ એવા પરમપિતા પરમાત્માએ કર્યું છે, કે કોઈ અજ્ઞાત અગોચાર શક્તિનું સર્જન છે, કે પછી વિજ્ઞાનના કોઈક નિયમના પરિપાકરૂપે રચાયેલ છે ! તે જે પણ હોય, તેનો પાર પામવો ઘણું કપરું કાર્ય છે. પ્રકૃતિનાં પંચતત્ત્વો- અવકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીનાં વિવિધ માત્રામાં વાતાવરણમાં સંક્રમણ અને આંતરિક સંયોજનો થકી વિવિધ જડચેતન પદાર્થોનાં સર્જનો થયાં. મનુષ્યે પોતાની કુશાગ્ર, તીવ્ર અને અચલ ગતિથી પ્રકૃતિનાં દરેક તત્ત્વો-પદાર્થો-જીવો પર જાણે હકૂમત અને એકાધિકાર જમાવી લીધો. તેનાથી આગળ વધીને મનુષ્યે પોતાની જાતિના અન્ય મનુષ્યો પર પણ હકૂમત કરવાના પ્રયાસો કર્યા અને તેમાં સફળતા-નિષ્ફળતાના આયામો રચતો રહ્યો.

આવાં સામાજિક રીતે સ્વીકૃત-અસ્વીકૃત આચરણો કરતા મનુષ્યોની વાત કરતાં કાંઈ કેટલાંયે નામો માનસપટલ પર ઊભરી આવે છે અને તેમના પ્રતિ માત્ર ઘૃણા, ધિક્કાર, તિરસ્કાર અને નફરતની જ લાગણી ઉદ્દભવે છે. આવા મનુષ્યોએ માત્ર ભય અને હાંસીનાં જ બીજ રોપ્યાં છે, જે માનવસમાજ અને પ્રકૃતિ માટે સ્વીકાર્ય નથી જ. અહીં તો સ્વીકાર્ય છે- પ્રેમ, ભાઈચારો, સહકાર, કરુણા, આત્મિયતા, પરાનુભૂતિ, સુખદ સંકલન અને સદ્વર્તનો. આ સ્વીકાર્ય વર્તનો ન થવાનાં કારણો તેના વિધ-વિધ પથ મુજબના વિચારો અને આચરણો તથા વર્તનો છે. તે અન્યોના પથનો સ્વીકાર કરતો નથી અને તેમને વિરોધી માનવા માંડે છે. આ વિરોધાભાસ જ વિકૃતિનું સ્વરૂપ ધારણ કરી હ્રાસ તરફ દોરી જાય છે. જે-તે પથ પર અગ્રેસર સમાજ આ વિકૃતિનું પાલનપોષણ કરતાં તેને વેગ આપે છે. પરંતુ જો આ સમાજ કે તેનો બુદ્ધિજીવી વર્ગ સમાજમાંના અન્યોના પથ તરફ વિરોધાભાસ ન સેવવા તથા સુસંવાદિતાની લાગણીની અનુભૂતિ કરવા તરફ આગળ વધે, તો જરૂરથી મનુષ્ય અને પ્રકૃતિનું અપેક્ષિત સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ થઈ શકે.

અહીં બુદ્ધિજીવી વર્ગ કે વિદ્વતજનોમાં જીવનને ઊંડાણથી અનુભવનારા, સાચા જીવનને પામનારા, તત્ત્વજ્ઞાનીઓ, ગુરૂઓ, શિક્ષકો જેવી વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે. જ્યાં શિક્ષકો પોતાનું આગવું અસ્તિત્વ, ઉત્તરદાયિત્વ અને યોગદાન ધરાવે છે. પ્રશિક્ષણ પ્રાપ્ત કરેલા આ શિક્ષકો પોતાના વ્યવસાય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને પ્રકૃતિ તથા માનવસમાજનું સુસંવાદી, સૌહાર્દપૂર્ણ અને સર્વાંગી વિકાસશીલ સર્જન કરી શકે. શિક્ષકો તરફથી પોતાની શિક્ષક તરીકેની યોગ્યતા, ક્ષમતાઓ, કૌશલ્યો, મૂલ્ય આધારિત આચરણ, હકારાત્મક વલણ, પોતાના આ માનવંતા વ્યવસાયની ગરિમા તથા પ્રતિબદ્ધતા જરૂરી થઈ પડે. આવા શિક્ષકો સમાજમાં વિદ્યમાન અનિષ્ટો, દૂરાચારો, સંકીર્ણ સ્વાર્થો, વિરોધાભાસો દૂર કરી તંદુરસ્ત અને સુસંકલિત સમાજનું સર્જન કરવા વિશેનું વિદ્યાર્થીઓમાં સિંચન કરી શકે. જે માટે પ્રત્યેક શિક્ષકે પોતાના વિચારો અને સમાજની વ્યક્તિઓને સંમિલિત પથ પર લઈ જઈ, વિદ્યાર્થીઓમાં એકતાનાં દર્શન કરાવી, સામંજસ્ય સ્થાપવા તરફ દૃઢ મનોબળ અને હિંમત સાથે અગ્રેસર થવું પડે.

આ કાર્ય આદરતાં શિક્ષકોએ કોઈના સાથ-સહકાર કે રાહ જોવાની જરૂર નથી. એમ કરતાં ક્યાંક વિલંબ થઈ કર્તવ્યપથથી ચલિત થઈ જવાય, એમ પણ બને. તું એકલો જા ને રે ની હાંક માંડતા તે તંદુરસ્ત સમાજના નિર્માણ તરફ ચાલવા માંડશે તો તેની સાથે અન્ય સાથીઓ પણ જોડાઈ જશે. આ પ્રયાસો થકી પુષ્ટ થયેલ સમાજ પ્રકૃતિનું પણ સિંચન કરતાં સુમધુર સંબંધો અને હિતકર ક્રિયાકલાપો તથા આનંદિત જીવન તરફ અગ્રસર થશે.